ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેસ:૧૫૯૧ /૧૧/૨૦૨૨ તા:૨૦/૧૧/૨૦૨૨

**દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે સૌરાષ્ટ્ર વિસ્તારમાં સોમનાથ અને ધોરાજી ખાતે જાહેર સભાને સંબોધી અમરેલી ખાતે અમરેલી જિલ્લાના ઉમેદવારો શ્રી જે. વી. કાકડીયા, શ્રી કૌશીકભાઇ વેકરીયા, શ્રી જનકભાઇ તલાવીયા, શ્રી મહેશભાઇ કસવાલા અને શ્રી હીરાભાઇ સોલંકીના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધી હતી**

---

**ડૉ. જીવરાજ મહેતા એવા મુખ્યમંત્રી હતાં કે જેઓ અમરેલીના હતાં પણ મોદી એવા મુખ્યમંત્રી હતા જે અનુભવ કરતા હતાં કે આ અમરેલી એનું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

---

**અમરેલીની ધરા સંતોની ધરા છે, કર્મયોગીઓની ધરા છે, આ ધરા સાહિત્યની ધરા છે આ ધરા સાહિત્ય અને તલવારની તાકાત ધરાવે છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

---

**ગત ૨૦ વર્ષમાં રાજ્યમાં જે પ્રગતિ થઇ છે તેના આંકડા જોઇએ તો સાચા અર્થમાં વિકાસ થયો છે તેમ કહેવાય. રાજ્યની જનતા વિકાસ બોલે એટલે ગુજરાતનું નામ મોખરે આવે છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

---

**રાજ્યએ ઔદ્યોગિક ક્ષેત્રે એક અલગ છબી બનાવી છે. રાજ્યની જનતાને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ થવાના કારણે રોજગારીઓનું સર્જન થયું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

---

**અમરેલી જીલ્લાનું પીપવાવ બંદર ઉત્તર ભારતને જોડવા માટે પીપાવાવ કોરીડોર બનવા જઇ રહ્યું છે**
**તેના કારણે ઈતિહાસમાં એક પ્રકરણ બની જવાનું છે. આ પીપાવાવ બંદરના કારણે સમુદ્રના માધ્યમથી વધુ નવા ઔદ્યોગિક ક્ષેત્રનું સ્વાગત કરવા જઇ રહ્યું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

---

**આજે પરમાત્માએ પાણીની વર્ષા કરવી હોય તો**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

સૌ પહેલાં અમરેલીમાં કરે છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ભૂતકાળની સરકારોમાં પીવાના પાણી માટે હેન્ડપંપ લગાવી દે તો
જે તે વિસ્તારના ધારાસભ્ય પાંચ પાંચ ચૂંટણીઓ આરામથી જીતી જતાં હતાં – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ભાજપાએ રાજ્યમાં સત્તાના માધ્યમથી સેવા કરવાના આશય સાથે
શાસનની ધુરા સંભાળેલ હોઇ આજે ઘેર ઘેર પાઇપ થી પિવાનું પાણી પહોંચાડવામાં આવે છે અને
એટલા માટે જ હેન્ડપંપ એ ભૂતકાળ બની ગયો છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ગુજરાત પહેલાં કૃષિક્ષેત્રે માઇનસ પોઇન્ટ સાથે ચાલતું હતું
આજે આપણે નફા સાથે ચાલી રહ્યાં છીએ – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

પહેલાંની સરકારમાં ડેરી ન બનાવવાના નિયમો હતાં જયારે ભાજપાની સરકારમાં
ડેરી બનાવવાના નિયમો બનાવવામાં આવ્યાં છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

પહેલા કૃષિ વિકાસ દર માઇનસમાં હતો અને આજે કૃષિ વિકાસ દર ડબલ ડિઝીટમાં થઇ ગયો છે
અને ગુજરાત કૃષિ ક્ષેત્રે અનેક વિધ મેડલો મેળવતું રાજ્ય બની ગયું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ગુજરાત રાજ્યનો અનુભવ મને દિલ્હીમાં કામે લાગે છે અને એટલા માટે જ
ગુજરાતની જનતા જનાર્દન મારો શિક્ષક બન્યો છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ભારતીય જનતા પાર્ટીની સરકાર વચન આપી ફરી જનારી સરકાર નથી પરંતુ
વચનો પુરા કરનારી સરકાર છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


## યુરીયા ખાતરની એક થેલી ખેડૂતોને માત્ર રૂ. ૨૭૦માં પડે છે પણ સરકારને રૂ. ૨૦૦૦માં પડે છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

## ભાજપાએ અત્યાર સુધી જે કાર્ય કર્યું છે તે પાયો નાંખવાનું કામ કર્યું છે અને હવે તમારા મતદાન થકી અને તમારા આર્શિવાદ થકી વિકાસની હરણફાળ ભરી ગુજરાતને વિશ્વની હરોળમાં મૂકવાનું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

લોકતંત્રના આ મહાપર્વમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થન અર્થે ગુજરાત ખાતે પધારેલ દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે સૌરાષ્ટ્ર વિસ્તારમાં સોમનાથ અને ધોરાજી ખાતે જાહેર સભાને સંબોધી અમરેલી ખાતે અમરેલી જિલ્લાના ઉમેદવારો શ્રી જે. વી. કાકડીયા, શ્રી કૌશીકભાઇ વેકરીયા, શ્રી જનકભાઇ તલાવીયા, શ્રી મહેશભાઇ કસવાલા અને શ્રી હીરાભાઇ સોલંકીના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધી હતી.

અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જણાવ્યું હતું કે, હું અમરેલી આવું એટલે ઘરે આવ્યો છું એવું લાગે છે. ડૉ. જીવરાજ મહેતા એવા મુખ્યમંત્રી હતાં કે જેઓ અમરેલીના હતાં પણ મોદી એવા મુખ્યમંત્રી હતા જે અનુભવ કરતાં કે આ અમરેલી એનું છે. આ અમરેલીની ધરા સંતોની ધરા છે, કર્મયોગીઓની ધરા છે, આ ધરાની સાહિત્યની ધરા છે આ ધરા સાહિત્ય અને તલવારની તાકાત ધરાવે છે. અમરેલીની આ સભા જ બતાવી આપે છે કે અમરેલી જિલ્લામાંથી આ વખતે તમામ કમળો ગુજરાત વિધાનસભામાં જવાના છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ગત ૨૦ વર્ષમાં રાજ્યમાં જે પ્રગતિ થઇ છે તેના આંકડા જોઇએ તો સાચા અર્થમાં વિકાસ થયો છે તેમ કહેવાય. રાજ્યની જનતા વિકાસ બોલે એટલે ગુજરાતનું નામ મોખરે આવે છે. રાજ્યએ ઔદ્યોગિક ક્ષેત્રે એક અલગ છબી બનાવી છે. રાજ્યની જનતાને ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ થવાના કારણે રોજગારીઓનું સર્જન થયું છે. અમરેલી જીલ્લાનું પીપવાવ બંદર ઉત્તર ભારતને જોડવા માટે પીપાવાવ કોરીડોર બનવા જઇ રહ્યું છે તેના કારણે ઇતિહાસમાં એક પ્રકરણ બની જવાનું છે. આ પીપાવાવ બંદરના કારણે સમુદ્રના માધ્યમથી વધુ નવા ઔદ્યોગિક ક્ષેત્રનું સ્વાગત કરવા જઇ રહ્યું છે. કૃષિ ક્ષેત્રને ફાયદો થવાનો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

75 આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં સૌરાષ્ટ્રની જનતા પાણી મેળવવા માટે જે મુશ્કેલીઓ માંથી પસાર થઇ છે તે સૌ કોઇ જાણે છે. પાણી માટે પરમેશ્વરની પૂજા અર્ચના કરવી પડે છે. આજે પરમાત્માએ પાણીની વર્ષા કરવી હોય તો સૌ પહેલાં અમરેલીમાં કરે છે. ભૂતકાળની સરકારોમાં પીવાના પાણી માટે હેન્ડપંપ લગાવી દે તો જે તે વિસ્તારનો ધારાસભ્ય પાંચ પાંચ ચૂંટણીઓ આરામથી જીતી જતાં હતાં. પરંતુ ભાજપાએ રાજ્યમાં સત્તાના માધ્યમથી સેવા કરવાના આશય સાથે શાસનની ધુરા સંભાળેલ હોઇ આજે ઘેર ઘેર પાઇપ થી પિવાનું પાણી પહોંચાડવામાં આવે છે અને એટલા માટેજ હેન્ડપંપ એ ભૂતકાળ બની ગયો છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રે કાયાકલ્પ કરી નાંખ્યું છે. ગુજરાત પહેલાં કૃષિક્ષેત્રે માઇનસ પોઇન્ટ સાથે ચાલતું હતું આજે આપણે નફા સાથે ચાલી રહ્યાં છીએ. ગુજરાતના ખેડૂતોને પુરતા પ્રમાણમાં સિંચાઇનું પાણી, વિજળી, પોષણક્ષમ ભાવો આપવામાં આવી રહ્યાં છે. ખેડૂતોને ખેતી માટે પુરતી સુવિધા આપવામાં આવી હોવાથી આજે સિઝનના ત્રણ ત્રણ પાક લેતો થયો છે. ગુજરાતના ખેડૂતોને ખેતી માટે માર્ગદર્શન મળી રહે તે માટે કૃષિમેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૧.૨૫ કરોડ હેલ્થ સોઇલ કાર્ડ આપવામાં આવ્યાં છે. પહેલાંની સરકારમાં ડેરી ન બનાવવાના નિયમો હતાં જયારે ભાજપાની સરકારે ડેરી બનાવવાના નિયમો બનાવવામાં આવ્યાં છે. પશુપાલકોને પશુઓના જીવ બચાવવા માટે રશીકરણનું કામ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં પહેલાં એક જ એગ્રીકલ્ચર યુનિવર્સિટી હતી આજે આપણે ચાર ચાર એગ્રી કલ્ચર યુનિવર્સિટી બનાવી છે જેમાં રાજ્યના બાળકો કૃષિ નિષ્ણાંત બની રાજ્યના ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપી આધુનિક ખેતી બનાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહન આપી શકે. પહેલા કૃષિ વિકાસ દર માઇનસમાં હતો અને આજે કૃષિ વિકાસ દર ડબલ ડિઝીટમાં થઇ ગયો છે અને ગુજરાત કૃષિ ક્ષેત્રે અનેક વિધ મેડલો મેળવતું રાજ્ય બની ગયું છે. ગુજરાત હવે પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે જે અભિનંદનને પાત્ર છે. ગુજરાત રાજ્યનો અનુભવ મને દિલ્હીમાં કામે લાગે છે અને એટલા માટેજ ગુજરાતની જનતા જનાર્દન મારો શિક્ષક બન્યો છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી અંતર્ગત દેશના ખેડૂતોને કોઇપણ વચેટીયાઓ વગર દરેક ખેડૂતોને ડી.બી.ટી. મારફતે વાર્ષીક રૂ. ૧૨૦૦૦ જમાં કરાવવામાં આવે છે જેના કારણે ખેડૂતોની ખરીદ શક્તિ વધી છે. ગામડાના વેપારીઓની આવક વધી છે. મધ્યવર્ગનું જીવન ધોરણ ઉંચું આવ્યું છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, લોકતંત્રના આ મહાપર્વમાં વિરોધીઓ ગુજરાતમાં આવી અનેકવિધ ભાષણો આપતાં કહે છે કે કેન્દ્રની અને રાજ્યની સરકાર જનતા જનાર્દન માટે શું કરી રહી છે ત્યારે મારે કહેવું છે કે, યુરીયા ખાતરની એક થેલી ખેડૂતોને માત્ર રૂ. ૨૭૦માં પડે છે પણ સરકારને રૂ. ૨૦૦૦માં પડે છે. ગુજરાતમાં ખેડૂતોને યુરીયામાં ૨.૫ કરોડ રૂ. ની સબસીડી આપવામાં આવે છે. ગુજરાતે નેનો યુરીયાનું સ્વાગત કર્યું છે અને એના કારણે પાકમાં ફાયદો થયો છે. આપણે કૃષિ ક્ષેતે વૈજ્ઞાનીક ઢબે આગળ વધી રહ્યાં છીએ. વર્ષ ૨૦૨૩નું વર્ષ મિલેટ યર મનાવવા માટે કેન્દ્ર સરકારે યુ. એન. માં ભલામણ કરવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

શ્રી મોદી સાહેબે શિક્ષણ ક્ષેત્રે વાત કરતાં જણાવ્યું હતું કે, બે દાયકા પહેલાં ડ્રોપ આઉટ રેશીયો વધારે હતો. ભાજપાની સરકારે ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા માટે શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી નીધી, બેટી બચાવો અને બેટી પઢાઓ અભિયાન ચલાવવામાં આવ્યું છે જેના કારણે ડ્રોપ આઉટ રેશીયો નોંધપાત્ર ઘટ્યો છે. આજે સરકારી શાળાઓને આધુનિક બનાવવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કોરોના કાળમાં ૮૦ કરોડના લોકોને મફત અનાજ આપવામાં આવ્યું છે, બહેનોને ગેસના સિલિન્ડર આપવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગરીબ પરિવારોને આવાસ આપવામાં આવ્યાં છે. ડેરી સેક્ટરમાં માતાઓ-બહેનો આગળ આવી રહી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા માતાઓ અને બહેનો આત્મનિર્ભર બનાવવા તરફ પહેલ કરી છે. કોંગ્રેસના ઉમેદવારો તમારી પાસે મત માંગવા આવે તો એમને પુછજો કે આવનારી પેઢીઓ માટે તેમની પાસે શું પ્લાન છે. ભાજપાએ અત્યાર સુધી જે કાર્ય કર્યું છે તે પાયો નાંખવાનું કામ કર્યું છે અને હવે તમારા મતદાન થકી અને તમારા આર્શિવાદ થકી વિકાસની હરણફાળ ભરી ગુજરાતને વિશ્વની હરોળમાં મૂકવાનું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર વચન આપી ફરી જનારી સરકાર નથી પરંતુ વચનો પુરા કરનારી સરકાર છે. હું બધા વડીલો સમક્ષ જઇ શકતો નથી પરંતુ તમે મને તમારો માનતા હોય તો મારા વતી વડીલો સમક્ષ જઇ મારા વતી પ્રણામ કરવા જનતા જનાર્દનને અપીલ કરી હતી.

શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમરેલી જિલ્લામાંથી ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારોને સૌથી વધુ લીડ સાથે ગુજરાત વિધાનસભામાં મોકલી આપવા અપીલ કરી હતી. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો માટે યોજવામાં આવેલ આ જનસભામાં કેન્દ્રિય મંત્રીશ્રી પુરસોત્તમભાઇ રૂપાલા, સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી શ્રી દિલીપભાઇ સંઘાણી, શિક્ષણવિદ અને ઉદ્યોગપતિ શ્રી વસંતભાઇ ગજેરા, ભારતીય જનતા પાર્ટી પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડૉ. ભરતભાઇ બોઘરા, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી ચેતનભાઇ સાવલીયા, પ્રદેશ મિડીયા વિભાગની ડિબેટ ટીમના સભ્ય શ્રી શૈલેષભાઇ પરમાર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો શ્રી કૌશીકભાઇ વેકરીયા, શ્રી હિરાભાઇ સોલંકી,શ્રી જે. વી. કાકડીયા, શ્રી મહેશભાઇ કસવાલા, શ્રી જનકભાઇ તલાવીયા અને સમગ્ર અમરેલી જિલ્લામાંથી વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)